# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૩-૫-૨૦૧૨**

આજે ભાવનગર ખાતે જિલ્લા આયોજન મંડળની મીટીંગમાં પ્રભારી મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ સમક્ષ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે ભાવનગરના સ્થાનિક પ્રશ્નો સરકાર તાત્કાલિક ઉકેલે તેવી માંગણી કરી હતી. નર્મદા ડેમમાં પૂરતું પાણી છે, મહી-પરીએજમાં પણ પૂરતું પાણી ઉપલબ્ધ છે અને આમ છતાં ભાવનગરના લોકોને પીવાના પણી માટે ટળવળવું પડે છે. ભાવનગરને પાણી પૂરૂં પાડતાં બોર તળાવ અને ખોડીયાર ડેમમાં પાણી ઉપલબ્ધ નથી. વારંવારની રજૂઆતો છતાં પાલિતાણાથી ભાવનગર સુધીની પેરેલલ પાણીની પાઈપલાઈનનું કામ પૂર્ણ થતું નથી. આવા સંજોગોમાં ઓછામાં ઓછું ૫૦ MLD વધારાનું પાણી મહી-પરીએજ યોજનામાંથી ભાવનગરને આપવું જોઈએ. થોડા ઘણાં પાણીના વધારાથી ભાવનગરના લોકોની મુશ્કેલી દૂર નહીં થાય.

ભાવનગરના કાળીયાબીડને નિયમીત કરવા માટેની અમારી સતત માંગણીના કારણે ઘણાં લાંબા સમય પહેલાં સરકારે જાહેરાત કરી કે, કાળીયાબીડને રેગ્યુલરાઈઝ કરી આપવામાં આવશે, પરંતુ હજુ સુધી આ અંગે કોઈ કાર્યવાહી થઈ નથી. કોઈપણ જાતના અધિકાર વગર ઈસ્કોન બિલ્ડર પ્લીન્થને ફેરબદલી કે મકાન લે-વેચમાં રૂપિયા ઉઘરાવે છે. ખરેખર ભાવનગરના કાળીયાબીડ વિસ્તારમાં રહેતાં લોકોને આ અન્યાય છે. આ અંગે તાત્કાલિક નિર્ણય કરવામાં આવે અને કાળીયાબીડમાં વસતા લોકોને ઈમ્પેક્ટ ફીના ભારણ વગર રેગ્યુલરાઈઝ કરી આપવા જોઈએ. માન. શંકરસિંહજી વાઘેલાની સરકારે મિલ્ટ્રી સોસાયટીના રહીશો માટે જી.આર. બહાર પાડીને ટોકન દરેથી રેગ્યુલરાઈઝ કરવાનો નિર્ણય કરેલો હોવા છતાં પ્રવર્તમાન સરકાર દ્વારા તેનો અમલ થતો નથી, જે કોઈપણ હિસાબે વ્યાજબી નથી.

આવતીકાલે મુખ્યમંત્રીશ્રી બોટાદ ખાતે જે કાર્યક્રમ યોજી રહ્યા છે તેમાં ખરેખર નવી પાઈપલાઈનનું કામ પણ પૂર્ણ થયું નથી અને કેટલીક જગ્યાએ જૂની પાઈપલાઈન જોડીને માત્ર પ્રસિદ્ધિનો કાર્યક્રમ કરવો તે બરાબર નથી. હકીકતમાં ભાવનગર જિલ્લાના રંઘોળા, કાળુભાર, ખોડીયાર, રજાવડ, ખારો, શેત્રુંજી વિગેરે ડેમોને લીંકેજ નર્મદા સાથે કરવાનું સંપૂર્ણ આયોજન ભૂતકાળની કોંગ્રેસની સરકારે કરેલું હતું. આ કામ ગુજરાતની ભાજપની સરકારે સંપૂર્ણ ખોરંભે પાડેલું છે અને હવે ચૂંટણી સમયે બોટાદ ખાતે મુખ્યમંત્રીશ્રી જે નાટક કરે છે તે લોકહિતમાં નથી.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(અશ્વિન સિકલીગર)**
અંગત સચિવ